ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરમાં ગણેશ વિસર્જનની રંગેચંગે ઉજવણી









(તસવીર : દિપક જાની)

## નગરની સુખાકારી વધારવા શ્રીજીને પ્રાર્થના : ભાવિકો ડી.જે.ના તાલે ઝુમ્યા : વરસાદના છાંટણા વચ્ચે શ્રીજીની મૂર્તિનું વિસર્જન કરાયું

ગાંધીનગર, તા.૪

શહેરમાં ગણેશોત્સવની રંગારંગ ઉજવણીના અંતે આજે શ્રીજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ૪૫મા વર્ષે ગણેશોત્સવની ભવ્ય ઉજવણીના અંતે આજે શોભાયાત્રાના અંતે ગણેશજીની દિવ્ય મૂર્તિનું સાબરમતીના પટમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. ઢોલ નગારાના નાદ અને ડીજેના તાલ સાથે શ્રીજીની મૂર્તિની સેકટરોમાંથી ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. સે-૩, સે-૪ તેમજ સે-૩ એ ન્યુ ખાતે પણ ગણેશોત્સવની ભવ્ય ઉજવણીના અંતે ગઈ કાલે મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.



શહેરમાં આ વખતે વરસાદી મૌસમ અને ગણેશભકિતનો અનોખો માહોલ જોવા મળી રહ્યો છે. સેકટરે સેકટરે ગણેશોત્સવની ભવ્ય ઉજવણી અન્વયે વૈવિધ્યસભર ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની રંગત જોવા મળી રહી છે. સે-૨૨ સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા આ વખતે પણ ભકિતભાવના સાથે શ્રીજીની પૂજા અર્ચના સાથે વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે આજે બપોરે સે-૨૨ સ્થિત રંગમંચ ખાતે ગણેશજીની



આરતી અને પૂજા વિધિ બાદ ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. આ તબક્કે સમિતિના પ્રમુખ નિશિત વ્યાસ, પ્રવિણ બાલપંડે, કલ્પેશ બાંલપાંડે સહિતના આગેવાનોએ નગરની સુખાકારી માટે ગણેશજીને પ્રાર્થના કરી હતી. એસ.આર.પી. ગૃપના આગેવાનો પણ આ તબક્કે જોડાયા હતા જયારે ગણેશોત્સવની નિર્વિઘ્ને ઉજવણી બદલ ગાંધીનગર ચા રાજાનો વંદન કરી આભાર માન્યો હતો. ત્યારબાદ ઢોલ નગારા અને બેન્ડની સૂરાવલી સાથે યોજાયેલી ભવ્ય શોભાયાત્રામાં પણ સમિતિના આગેવાનો અને ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. સે-૨૨ રંગમંચથી પંચદેવ મંદિર પાસે થી સે-૧૭/૨૨ અને ચ-૫ ફુવારા થી શ્રીજીની શોભાયાત્રા સેકટરોના રૂટમાં ફરી હતી ત્યારબાદ સાબરમતી નદીના પટમાં ભગવાન ગણેશજીની મૂર્તિનું વિધિવત વિસર્જન કરવામાં આવ્યું હતું. સે-૩-ડી, સે-૩-એ ન્યુ ગણેશોત્સવ સમિતિ તેમજ



સિદ્ધિ વિનાયક મિત્ર મંડળ દ્વારા પણ બુધવારે શ્રીજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ગણેશોત્સવના લીધે નગરમાં અનોખો ભકિતરસ છવાયેલો જોવા મળે છે. આજે પણ સેકટરોમાં વિસર્જનને અનુલક્ષી ભાવિકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. સે-૩માં પણ ગણેશ વિસર્જનને લઈ ડી.જે.ના તાલ સાથે ભાવિકોએ શોભાયાત્રાનું આયોજન કર્યું હતું.

# કેન્દ્રિય કૃષિમંત્રીને કિસાન સંઘનું આવેદનપત્ર

### ખેડૂતોને સમાન સિંચાઈ દરથી પાણી આપવાની વ્યવસ્થા તથા કૃષિ વીમા યોજના અંગેના પ્રશ્નોની ઉગ્ર રજૂઆત : જંગલના પશુઓ દ્વારા પાકને થતા નુકસાન સામે રક્ષણ આપવા માંગ

ગાંધીનગર, તા. ૪

ભારતીય કિસાન સંઘે આજે કેન્દ્રના કૃષિમંત્રીને આવેદનપત્ર આપીને દરેક ખેતને સમાન સિંચાઈ દરથી પાણી આપવાની વ્યવસ્થા સાથે ગ્રામ સિંચાઈ યોજનાને ત્વરિત લાગુ કરવાની માંગણી કરી હતી.

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આજે કેન્દ્રના કૃષિમંત્રી રાધા મોહનસિંહે કૃષિ વિમા આવક પરિસંવાદને ખુલ્લો મુક્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કેન્દ્રીય કૃષિ મંત્રી રાધામોહનસિંહને ગુજરાત ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડૂતોના પ્રશ્નો અંગે એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

ભા.કિ. સંઘ દ્વારા કેન્દ્રીય મંત્રીને આપવામાં આવેલા આવેદનપત્રમાં ખેડૂતોના પાકને જંગલના પશુઓ દ્વારા કરવામાં આવતા નુકશાન સરકાર ભરપાઈ કરે તેવી વ્યવસ્થા કરવા, ખેડૂતો દ્વારા ઉત્પાદિત પાકને યોગ્ય વળતર મળે અને પાક ખરીદી માટે સરળ અને સુચારૂ વ્યવસ્થા ગોઠવવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

નવો જમીન સંપાદન કાયદો છે તેમાં કોઈ સુધારા વધારા ના કરે અને સરકાર જમીન બેંક બનાવી કંપનીઓને લીઝ પર જમીન આપે તે રજુઆત આ આવેદનપત્રમાં કરવામાં આવી છે. આ ઉપરાંત ખેડૂતોને ટેક્ષ ફ્રી ડીઝલ મળી રહે તેવી જોગવાઈ કરવા પણ માંગણી કરવામાં આવી છે.

ઘઉં અને ધાન્ય જેવા પાકોની રાજ્ય સરકારો દ્વારા ખરીદી પર બોનસ ન આપવાનો જે કેન્દ્રનો નિર્ણય છે તેના પર પુનઃ વિચારણા કરવા પણ રજુઆત કરવામાં આવી છે.

# પેથાપુરના મોઢેશ્વરી માતાજીના મંદિરમાં તસ્કર ટોળકી ત્રાટકી

### દાનપેટી તોડીને ૧૦ હજારની મત્તા સાફ કરી તસ્કરો પલાયન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં હવે મંદિરો તથા દેરાસરો તસ્કરોના નિશાન પર છે. તાજેતરમાં જૈન દેરાસરને તસ્કર ટોળકીએ નિશાન બનાવ્યું હતું તે પહેલા સરગાસણ ગામના વહેરાઈ માતાજીના મંદિરમાં ચોરી થવા પામી હતી. મંદિર-દેરાસરમાં થયેલી ઉપરોક્ત ચોરીનો ભેદ ઉકેલાયો નથી ત્યાં હવે પેથાપુરના એક મંદિરને તસ્કરોએ નિશાન બનાવી દાનપેટી ચોરી કર્યાની વિગતો બહાર આવી છે.

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામની સીમમાં સ્થિત મોઢેશ્વરી માતાજીના મંદિરને તસ્કર ટોળકીએ ટાર્ગેટ બનાવી મંદિરની દાનપેટી તોડીને તેમાંથી રૂ. ૧૦ હજાર જેટલી રોકડ દાન ચોરી કરી લીધી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. રૂ. ૧૦ હજારની મત્તા ચોરી થયા અંગે પેથાપુર પોલીસે ગુનો દાખલ કરી એફએસએલ તથા ડોગ સ્કવોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની મદદ લઈ આરોપી સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

### અજય ભાદુ સેક્ટર ૧૬ અને ૧૭ માં તો ધનંજય દ્વિવેદી ધરમપુર પહોંચ્યા

ગાંધીનગર, તા. ૪

જ્ઞાન સપ્તાહની ઉજવણીના મૂલ્યાંકન માટે આજે રાજયના મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવ શ્રી અજય ભાદુએ સે. ૧૭ અને સે. ૧૬ની શાળાઓની મુલાકાત લીધી હતી.

તો સામાન્ય વહીવટ વિભાગના સચિવ શ્રી ધનંજય દ્વિવેદીએ ગાંધીનગર તાલુકાના નવાધરમપુર ગામની પ્રા. શાળાની મુલાકાત લીધી હતી.

આ બન્ને અધિકારીઓએ તેમની મુલાકાત દરમિયાન જ્ઞાન સપ્તાહની ઉજવણીને લઈ શિક્ષકો સાથે ચર્ચા કરી હતી. આ બન્ને અધિકારીઓએ બાળકો સાથે પણ શૈક્ષણિક સ્તરને ચકાસવા પ્રશ્નોત્તરી કરી અને ગોષ્ઠી કરી હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં સે. ૭ની પ્રા. શાળાની મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલની મુલાકાત બાદ આજે તેમના અગ્ર સચિવ શ્રી ભાદુએ સે. ૧૭ અને ૧૬ ની મુલાકાત લેતાં શહેરના પ્રા. શિક્ષણજગતમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

# શહેરમાં હીલસ્ટેશન જેવો માહોલ

### શહેર-જિલ્લામાં સીઝનનો સરેરાશ ૭૧ ટકા વરસાદ : હરિયાળી નિખરતા લીલુછમ્મ ગાંધીનગર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં એક સપ્તાહથી વરસાદી મોસમ નિખરતા સાર્વત્રિક ઠંડક પ્રસરી છે. વાદળિયા વાતાવરણ વચ્ચે રીમઝીમ વરસાદ વરસતા શહેરમાં હીલ સ્ટેશન જેવો નઝારો સર્જાયો છે. જ્યારે વળતા ચોમાસે વરસાદ સાનુકુળ રહેતા ખેડૂતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. જિલ્લામાં સીઝનનો ૭૧.૨૦ ટકા વરસાદ થઈ ગયો છે. શહેરમાં પણ સીઝનનો ૫૨૮ મી.મી. વરસાદ નોંધાયો છે.

ચોમાસાની નબળી શરૂઆતના લીધે પ્રારંભિક તબક્કે વરસાદ સૌ કોઈ ચિંતાનો વિષય બન્યો હતો. વરસાદ વિલંબમાં પડતા મેઘરાજાને રીઝવવા પર્જન્ય યજ્ઞો સહીતના ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. વિલંબમાં પડેલા વરસાદના લીધે ખેડૂતોમાં ચિંતાના વાદળો ઘેરાયા હતા. આખરે જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર થતા ખેતીને જીવતદાન મળ્યુ હતું. જ્યારે વળતા ચોમાસે મેઘરાજા મૂડમાં આવતા છેલ્લા એક સપ્તાહથી જિલ્લામાં મેઘમહેર યથાવત છે. સતત વરસાદના લીધે પ્રકૃતિમાં પણ અનોખો નિકાર જોવા મળી રહ્યો છે. ગાંધીનગરમાં હરિયાળી ચાદર પથરાઈ ગઈ છે. વરસાદી મોસમના લીધે આકરા બફારા બાદ હવે ઠંડક પ્રસરતા નગરજનો લવલી મોસમનો નઝારો માંણી રહ્યા છે. આજે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે રીમઝઈમ વરસાદ વરસ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સીજનનો ૫૨૮ મી.મી. વરસાદ વરસ્યો છે. જ્યારે જિલ્લામાં સીઝનનો સરેરાશ ૭૧ ટકા વરસાદ થઈ ગયો છે. ગાંધીનગર જિલ્લામાં સરેરાશ સીઝનનો ૭૩૨ મી.મી. વરસાદ થાય છે. આ હિસાબે ૭૧ ટકા જેટલો વરસાદ થઈ જતા ચોમાસુ સાનુકુળ સ્થિતિમાં આવી ગયું છે.






(તસવીર : કશ્યપ નિમાવત)

### ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલની મુલાકાત સાંસદ શ્રી પરેશ રાવલના પત્નિ અને પ્રસિદ્ધ અભિનેત્રી સ્વરૂપ સંપટે લીધી હતી. તેઓ જિલ્લા પંચાયતના અતિથિ બન્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં શિક્ષણ વિભાગ દ્વારા ઉજવવામાં આવી રહેલ જ્ઞાન સપ્તાહમાં અન્ય વિભાગો સાથે સંકલન શિક્ષણ વિભાગે નહિ જાળવ્યું હોવાની વાતો વહેતી થઈ છે.
- ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આજે દિવસ દરમિયાન ૪ ઈંચ જેટલો વરસાદ નોંધાતા શહેરમાં ઠેર-ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા.
- જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર વાસ્તુશાસ્ત્રમાં શ્રધ્ધા ધરાવતા હોઈ તેમણે તેમની ઓફિસમાં કેટલાક ફેરફાર કર્યા છે.

### હૃદયાંજલિ



સ્વ. નલિન ભટ્ટ

મરણ અહિં છો રહ્યું,
સ્મરણમાં રહે જીંદગી

*પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની અંજલિ*

લિ.
મિત્ર પરિવાર
ગાંધીનગર

# અગાઉ પકડાયેલા ચેઈન સ્નેચરનો એક સાગરીત ઝડપાયો

### સે. ૨૧ પોલીસની હદમાં થયેલા ચેઈન સ્નેચીંગના વધુ ત્રણ ગુના ઉકેલાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર પોલીસે થોડા દિવસો પહેલા પકડેલા ચેઈન સ્નેચર સાન્યાનો એક સાગરીતને સે. ૨૧ પોલીસે ઝડપી પાડ્યો છે. કોર્ટે તેની પુછપરછ માટે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. આરોપીની પુછપરછમાં સે. ૨૧ પોલીસ સ્ટેશનની હદમાં થયેલા ત્રણ

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com